**Bhakta Kavi Narsinh Mehta University**
Govt. Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya,
Junagadh, Gujarat (India)-362 263
Ph.(0)0285-2681400 / Fax : 0285-2681503
**Website :** http://www.bknmu.edu.in **Email :** cebknmu@gmail.com

**પરીપત્ર**

વિષય : પરીક્ષા કેન્દ્ર દ્વારા પરીક્ષાની સ્ટેશનરીનો હિસાબ નિભાવવા બાબત.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે, અત્રેની યુનિવર્સિટી દ્વારા પ્રત્યેક વર્ષે યુ.જી. તેમજ પી.જી. ની વિવિધ વિદ્યાશાખાઓની પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે તેમજ આ પરીક્ષાઓ યુનિ. સંલગ્ન કોલેજો ખાતે ઓફલાઇન માધ્યમ દ્વારા લેવામાં આવે છે જેમાં પરીક્ષાની તમામ સ્ટેશનરી જેમ કે, મુખ્ય તેમજ પુરક ઉત્તરવહીઓ, વિવિધ પત્રકો, હાજર-ગેરહાજર તેમજ નાના-મોટા રીપોર્ટ, ખાખી કોથળી તેમજ નાના-મોટા સ્ટીકર વગેરે યુનિવર્સિટી દ્વારા કોલેજોને પુરી પાડવામાં આવે છે તેવી તમામ સ્ટેશનરીનો હિસાબ સ્ટેશનરી રજીસ્ટર સ્વરૂપે પરીક્ષા કેન્દ્ર દ્વારા નિભાવવાનો રહેશે તેમજ જ્યારે યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવે ત્યારે રજુ કરવાનો રહેશે.

વધુમાં જણાવવાનું કે પ્રત્યેક તબક્કાની પરીક્ષા પુર્ણ થયે સ્ટેશનરીનો હિસાબ આપના પરીક્ષા કેન્દ્રમાં આપવામાં આવેલ રૂટ ઓફીસરને લેખીતમાં આપવાનો રહેશે જેથી સ્ટેશનરીનો હિસાબ જાળવી શકાય તેમજ આગળની પરીક્ષામાં સ્ટેશનરીનો અંદાજો મેળવી શકાય. જો એક જ કોલેજમાં અલગ-અલગ કોર્ષ ચાલતા હોય તેમજ તે તમામ પોતપોતાના હિસાબ અલગ-અલગ નિભાવતા હોય તો તેવા કિસ્સામાં રૂટ ઓફીસરને પરીક્ષ કેન્દ્રનો એક સંયુક્ત રીપોર્ટ આપવાનો રહેશે જેની તમામ કોલેજોએ નોંધ લેવી.

પરીક્ષા નિયામક

નં :- બીકેએનએમયુ/પરીક્ષા/૧૮૭૬/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩
તા. ૨૫/૧૦/૨૦૨૧

પ્રતિ,
અત્રેની યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓના વડાઓ તરફ...

**નકલ સવિનય રવાના:-**

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે.)